દાખલ તારીખ :૧૬.૧૨.૨૦૧૫
ફૈસલ તારીખ : ૨૯.૦૪.૨૦૨૬
વર્ષ:માસ:દિવસ ૧૦:૦૪:૧૭

# <u>મે. ભરૂચનાં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. ભરૂચ.</u>

**ફોજદારી કેસ નંબર :૫૫૧૧/૨૦૧૫**
**આંક:-૮૬**

**ફરીયાદી:** જયકર ઠાકોરલાલ મહેતા,
ઉ.આ.વ. ૬૦,ધંધો : કર્મકાંડી,
રહે.આર/૨,સનરાઈઝ પાર્ક સોસાયટી,જી.ભરૂચ.

**વિરુધ્ધ**

**આરોપી :** જલાઉધ્દિન હુસૈન સૈયદ,
ઉ.આ.વ.પુખ્ત, ધંધો: વેપાર,
રહે. રૂબીન કોલોનીઈ,રેલ્વે ગોદી પાસે, અંકેશ્વર.

**<u>ગુન્હો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ</u>**

---

// ફરીયાદી તરફે વિ.વ. (શ્રી એસ.ડી.પટેલ) //
// આરોપી તરફે વિ.વ.(શ્રી આર.એસ.ફડવાલા)//

---

**<u>:: જજમેન્ટ ::</u>**

**(૧)** આ કામના ફરીયાદીએ આરોપી સામે ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ધારા-૧૩૮ મુજબની અત્રેની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

**<u>(૨) કેસની ટૂંકી વિગત</u> :-**

આ કામે ફરીયાદીની ફરીયાદની હકિકત જોવામાં આવે તો, તેઓ ઉપરોક્ત જણાવેલ સરનામે કુટુંબ સાથે રહે છે અને બહુચરાજી ટ્રસ્ટના ટ્રસ્ટી અને વહીવટકર્તા છે. આ તમામ વારસો આ કામના ફરીયાદીને તેઓની માતા નવીનાબેન ભટ્ટ તરફથી મળેલ છે કારણકે નવીનાબેને આ કામના ફરીયાદીને દત્તક લીધેલા તેમની તમામ મિલકતના આ કામના ફરીયાદી વારસદાર છે. આ કામના આરોપી સાથે ફરીયાદીને ભરૂચ ખાતે રહેતા યુનુસભાઇ મંજર જે જેઓ આ કામના ફરીયાદી તથા આ કામના આરોપીના મિત્ર થાય છે તે થકી આ કામના ફરીયાદી તથા આ કામના આરોપીની ઓળખાણ થયેલ. આ કામના આરોપી અંકલેશ્વર ખાતે ખાતે લોખંડનો વેપાર મોટા પાયે કરતા હોય તેમના ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરિયાત હોય આ કામના ફરીયાદી પાસે યુનુસભાઇ થકી આવીને રૂ.૬૦ લાખની માગણી કરેલ જે રકમ જે રકમ ફરીયાદીએ આ કામના આરોપીને સમયાંતરે આપેલ હતી. આ રૂ ૬૦ લાખ આ કામના આરોપીને ઉછીના આપેલા તે સામે આ કામના આરોપીએ આ કામના ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો માટે સેફટી પેટે કુલ ૧૫ ચેકો જુદી જુદી તારીખે આપેલ અને જણાવેલ કે ચેકમાં આપેલ તારીખે બેંકમાં વટાવવા નાંખશો તો તે રકમ આ કામના ફરીયાદીને મળી જશે. જેથી આ કામના ફરીયાદીએ આરોપીએ લખી આપેલ ધી ભરૂચ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓ., સ્ટેશન બ્રાન્ચ, અંકલેશ્વર નો તા.૨૬/૦૩/૨૦૧૩ નો ચેક નં.૦૦૨૨૨૫ રૂ.૪,૦૦,૦૦૦/-નો તા.૦૬/૦૭/૨૦૧૩ ના રોજ આરોપીના કહેવાતથી આ કામના ફરીયાદીએ ભરૂચ ખાતે ધી પંજાબ નેશનલ બેંક સોનેરી મહેલ શાખામાં વટાવવા મોકલેલ જે ચેક તા.૦૬/૦૭/૨૦૧૩ ના રોજ બેંક મેમો રેન્ડમ શેરાનં.૫ અને શેરા નં.૨૦-૨૯ ના શેરાથી "**ટુ ડે ઓપનીંગ બેલેન્સ ઈઝ ઈનસફીશીયન્ટ**" તથા "**સ્ટોપ પેમેન્ટ**" ના શેરા સાથે પરત આવેલ . જેથી આ કામના ફરીયાદીએ આ કામના આરોપીને તા.૦૫/૦૮/૨૦૧૩ ના રોજ એડવોકેટશ્રી દ્વારા નોટીસ આપેલ જે નોટીસ તા.૦૬/૦૮/૨૦૧૩ ના રોજ આરોપીને બજી ગયેલ હોવા છતા ફરીયાદીવાળા તથા નોટીસવાળા ચેકની રકમ આ કામના ફરીયાદીને ચુકવી આપેલ ના હોય જેથી આ કામના

આરોપીએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગંભીર શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય આરોપીને તકસીરવન ઠરાવી બે વર્ષની સખત સજા તથા દંડ તેમજ વળતર અપાવવાનો હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

**(૩) પ્રોસેસ નકલ તથા પ્લી સંબંધે** :–

આરોપી વિરૂધ્ધ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ કાઢતા આરોપી કોર્ટમાં હાજર થતા તેઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ ફરીયાદ તથા દસ્તાવેજની નકલો પુરી પાડવામાં આવેલ તેની ખાત્રી કરવામાં આવેલ છે. ફરીયાદની હકિકત વાંચી, સંભળાવતા આરોપી ગુનાનો ઈન્કાર કરતા તે સબબ તેઓનું નિવેદન/પ્લી ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૨૫૧ મુજબ **આંક–૦૬** થી લેવામાં આવેલ છે. ફરીયાદપક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે અને સમગ્ર ટ્રાયલ સમન્સ ટ્રાયેબલ ચાલેલ છે. ફરીયાદ પક્ષે ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાનો પોતાનો કેસ સાબીત કરવા પુરાવો આગળ નોંધવામાં આવેલ છે.

**(૪) પુરાવાઓ** :–

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## (એ) મૌખિક પુરાવા :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી જયકર ઠકોરલાલ મહેતાની સોગદ ઉપર સરતપાસ | ૨૪ |
| ૨ | સાહેદ રમેશન કેપી કિષ્નન નમંબીચારની જુબાની | ૫૩ |
| ૨ | સાહેદ મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ બોડાણાની જુબાની | ૭૧ |

## (બી) દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સ્થળપ્રત નોટીસ | ૨૬ |

| | | |
|---|---|---|
| ૨ | આર.પી.એ.ડી થી મોકલેલ પોસ્ટલ રસીદ | ૨૭ |
| ૩ | નોટીસ બજ્યાની પોસ્ટલ એકનોલેજમેન્ટ | ૨૮ |
| ૪ | સમજુતી કરાર | ૨૯ |
| ૫ | તકરારી ચેક | ૩૦ |
| ૬ | રીટર્ન મેમો | ૩૧ |

ઉપરોકત પુરાવાઓ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવામાં માગતા ન હોય **આંક–૭૪** થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે

## <u>(૫) દલીલો :–</u>

### <u>(અ) ફરીયાદ પક્ષની દલીલ :</u>–

આ કામે ફરીયાદ પક્ષે વિ.વકીલશ્રી દવારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે અને તેમાં જણાવેલ છે કે, આરોપીએ આપેલ ચેક "**ટુ ડે ઓપનીંગ બેલેન્સ ઈઝ ઈનસફીશીયન્ટ**" તથા "**સ્ટોપ પેમેન્ટ**" ના શેરા સહિત પરત ફરેલ છે અને તે અંગેની નોટીસ આરોપીને સમય મર્યાદામાં આપેલ છે જે આરોપીને મળેલ છે પરંતુ મુદતમાં ચેકની વિગતનાં નાણાં ચુકવી આપેલ નથી અને નોટીસનો જવાબ પણ આપેલ નથી અને નોટીસનું કવર પરત આવેલ. જેથી ફરીયાદનું કારણ ઉપસ્થિત થયેલ છે. ત્યારબાદ આરોપીએ ગુનો કબુલ ન રાખતા ફરીયાદ પક્ષે પુરાવો રજુ રાખેલ છે. જે પુરાવા લગત આરોપી પક્ષે ઉલટ કરવામાં આવેલી છે. તે સમગ્ર ધ્યાને લેવામાં આવે તો પહેલેથી આરોપીપક્ષ કોઈ રીબટલ કરી શકેલ નથી. આરોપી દવારા ચેકની સહી બાબતે કોઈ તકરાર લેવામા આવેલ ન હોય તો તે ચેક અને તેના ઉપરની સહી આરોપીને કબુલ છે. તેમ સ્પષ્ટ માનવાને કારણ છે. તેથી નેગો.ઈન્સ્ટ.એકટની કલમ–૧૩૯ નું અનુમાન આરોપીની વિરૂધ્ધમાં જાય છે. તે અનુમાનનુ ખંડન કરવા માટે પણ આરોપી દવારા નામદાર કોર્ટમાં કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી. આરોપી પાસેથી ફરીયાદીના કોઈ કાયદેસરના લેણા નીકળતા ન હતા તે બાબતેનો કોઈ બચાવ આરોપી દવારા રજુ કરવામાં આવેલ નથી. ચેક તેઓના ખાતાનો ન હતો અને ચેક ઉપરના હસ્તાક્ષર તથા

સહી પણ આરોપીની નથી તે બાબતેનો પણ કોઈ બચાવ આરોપી દવારા લેવામાં આવેલ નથી તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાં ચુકવવા ઉપરોકત ચેક આપેલ છે. ફરીયાદીને આરોપીએ ચેક આપેલાનું પુરવાર થાય છે. આરોપી સામે ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબીત કરી શકેલ હોય આરોપીને કાયદામાં સ્થાપિત જોગવાઈ મુજબે મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

**<u>(બ) આરોપી પક્ષની દલીલ :</u>–**

સદર કામે આરોપી તરફે વિ.વકીલશ્રીએ મૌખિક દલીલ કરેલ છે કે, ફરીયાદી એ ખોટો કેસ કરેલ છે અને પુરવાર કરેલ નથી કે કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી તેમજ કોઈ નાણાં નીકળતા નથી તેમજ કહેવાતો તકરારી ચેક આરોપી એ ફરીયાદીને આપેલ નથી અને ચેક ખોટી રીતે બાઉન્સ કરાવી કેસ કરેલ છે તેમજ સીકયુરીટી પેટે આપેલ ચેકનો દુરૂપયોગ કરેલ છે કોરા ચેકમા મન મરજી મુજબની વિગત ભરી નાણાં પડાવવા દુરૂપયોગ કરેલ છે તેમજ ખોટી નોટીસ છે આવી કોઈ નોટીસ બજેલ નથી. આરોપી નિર્દોષ છે કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી ફરીયાદીને આરોપીએ કોઈ કાયદેસરનું લેણું આપવાનું કે ચુકવવાનું થતુ નથી. આમ, ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ હોય કાયદાકીય રીતે ચાલવાપાત્ર નથી. ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવામા સંપુર્ણ નિષ્ફળ નીવડેલ છે. આમ, ફરીયાદી પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**<u>(ક) નિર્ણય અર્થેનાં મુદ્દા ઓ :–</u>**

ઉપરોકત હકિકતનાં આધારે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દા ઓ :–</u>**

**<u>મુદ્દા નં.૧:–</u>** શું કરીયાદ પક્ષ સાબિત કરે છે કે, આરોપીએ આરોપીના ખાતાનો ફરીયાદવાળો ચેક, ફરીયાદીના કાયદેસરના લેણાંની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરીયાદીને આપેલ છે ?

**<u>મુદ્દા નં.૨ :</u>**– શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્રાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**<u>–: નિર્ણયો :–</u>**

**<u>મુદ્દા નં. ૧ :</u>– નકારમાં,**

**<u>મુદ્દા નં.૨ :</u>**– આખરી હુકમ મુજબ

**<u>–:: પુરાવાનું મુલ્યાંકન ::–</u>**

**<u>–: કારણો:–</u>**

**<u>મુદ્દા નં.૧ અને ૨ ની ચર્ચા</u>**:–

(૮) આ કામે મુદ્દાઓની ચર્ચા કરતા પહેલા નીચે મુજબની કાયદાની જોગવાઈઓ ક્યાને લેવી આવશ્યક છે.

**<u>નેગો. ૧૩૮:– ખાતામાં અપુરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર:–</u>**

સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યક્તિ પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેકએ ખાતામાંથી બીજી વ્યક્તિને નાણાની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતાં વધારે છે ત્યારે,આવી વ્યકતિએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા તથા ચેકની રકમની બે ગણી રકમનો દંડ અથવા બંન્ને, પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે (અ) જયાં સુધી ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદામાં માન્ય હોય તે મુદત એ બે માંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમાં રજુ કરવામાં આવ્યો ન હોય. (બ) જયાં સુધી તે ચેકનો પેઇ અથવા યથાક્રમ ધારક જેમ હોય તેમ, તે ચેક વણચુકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના ત્રીસ દીવસની અંદર તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીથી માંગણી કરે નહી અને (ક) જયાં સુધી એવો ચેક લખનાર ચેકના નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ

ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહીં ત્યાં સુધી કલમમાનું કશું લાગુ પડશે નહીં.

<u>સ્પષ્ટીકરણ:–</u> આ કલમના હેતુ માટે, * **દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.**"

**<u>કલમ–૧૩૯</u>:– ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન:–**

વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે કેમ તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઇ ભાગમાંથી બોજ મુકત કરવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનુ કાયદેસરનુ દેવુ કે જવાબદારી અદા કરવા સારૂ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.

આનાથી વિરુધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલા વણચુકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો, તેમ કરવાનો બોજો ચેક લખી આપનાર ઉપર રહે છે.

**<u>કલમ–૧૪૨ :</u>– ગુનાનું કોગ્નીઝન્સ**

(અ) કોઈપણ કોર્ટ, કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકશે નહી સિવાય કે ચેક લેનાર અથવા પ્રસંગ પ્રમાણે તેનાં ધારકે કરેલી લેખીત ફરીયાદ ઉપરથી હોય.

(બ) કલમ–૧૩૮ પરંતુ ક નાં ખંડ (ક) હેઠળ જે તારીખે દાવાનું કારણ ઉપસ્થિત થયું તે તારીખથી એક મહિનાની અંદર એવી ફરીયાદ કરી હોવી જોઈએ.પરંતુ જો ફરીયાદી અદાલતને સંતોષ આપી શકે, સમય મર્યાદામાં ફરીયાદ નહી કરવા માટે તેની પાસે પુરતું કારણ હતુ તો. અદાલતે ઠરાવેલ સમય મર્યાદા પછી ફરીયાદ ધ્યાન ઉપર લઈ શકશે.

(ક) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગનાં જયુ. મેજીસ્ટ્રેટથી ઉપરતા દરજજાની કોઈપણ કોર્ટ કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનો ચલાવી શકશે નહી.

(ડ) પરત કરાયેલ ચેક માટે એક જ વખત ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકાય, પાવર ઓફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય તો પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યારનામું આપનાર સામે ફરીયાદ થઈ શકે.

**<u>(૯) એપ્રીનીએશન ઓફ એવીડન્સ :-</u>**

**<u>ન્યાયીક નિર્ણય અર્થે પેટા મુદ્દાઓ :-</u>**

આ કામે આરોપી સામે ફરીયાદપક્ષ દવારા આ ફરીયાદ દાખલ કરવામાં આવેલી છે. આ ફરીયાદનાં ન્યાયીક નિર્ણય અર્થે તથા સમજવામાં સરળતાનાં હેતું સબબ નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ છે. જેથી ન્યાયીક નિર્ણય કરતી વખતે સરળતા રહે જે નીચે મુજબ છે.

આ કામે ફરીયાદી દવારા આરોપી સામે **તા.૧૬.૧૨.૨૦૧૫** નાં રોજ આ ફરીયાદ દાખલ કરેલ હોય. ત્યારબાદ મારા અગાઉનાં વિ. ન્યાયાધીશશ્રી દ્વારા ફરીયાદીનું વેરીફીકેશન રેકર્ડ કરવામાં આવતા, સી.આર.પી.સી.-૨૦૪ અન્વયે આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે અન્વયે આ કામે આરોપી હાજર થતા **આંક-૦૬** થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે અને ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ ચાલેલ છે આ કામે સમગ્ર પુરાવો પુરો થતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં તેઓ સોંગદ ઉપર પુરાવો આપવા માંગતા નથી અને બચાવના કોઈ સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે. ઉપરાંત પોતાના વિશેષ નિવેદનની મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરતા વિશેષમાં જણાવે છે કે, " તેઓ વચ્ચે નાણાકીય વ્યવહાર થયેલ નથી.ચેકનો દુરપયોગ કરેલ છે તેમજ ખોટા પુરાવા આપેલ છે અને તેઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે જેથી તેઓ નિદોર્ષ છે અને કહેવાતો ગુનો કરેલ નથી.આમ તેઓ વિરુધ્ધ ફરીયાદીએ દાખલ કરેલ ફરીયાદો પૈકી૧૧ નામદાર કોર્ટે નિકાલ કરી દેવામાં આવેલ છે. " આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

આ કામે ફરીયાદપક્ષ તેમની મૌખીક જુબાની એટલે કે સરતપાસનું સોગંદનામું **આંક-૨૪** થી લેખીતમાં રજુ રાખેલ હોય અને તે અન્વયે આરોપી પક્ષે પોતાની ઉલટતપાસ કરવામાં આવેલ, ત્યારે આ કામે સમગ્ર કેસની હકિકતો ધ્યાને લેતા પુરાવો અલેન્થ લેવામાં આવેલ છે.

આ ઉપરાંત ફરીયાદપણે પોતાનાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવાઓ ઉપરોકત કામે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે. તેને વંચાણ અર્થે આંક પાડવામાં આવેલ છે અને ન્યાયીક નિર્ણય અર્થે ધ્યાને લેવામાં આવેલ છે.

આરોપી પક્ષે કોઈ સાહેદો, પુરાવાઓ આ કામે રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામ દલીલ ઉપર મુલત્વી હોય, ફરીયાદ પક્ષે અને આરોપી પક્ષે મૌખિલ દલીલ કરેલ છે જે દલીલો સાંભળવામાં આવેલ છે.

આ કામે ન્યાયીક નિર્ણય કરતી વખતે જે મહત્વનાં મુદ્દાઓ ધ્યાને લેવા જરૂરી જણાતા હોય તે નીચે મુજબ વર્ણવેલ છે.

- **ફરીયાદી તથા આરોપી વચ્ચેનો વ્યવહાર સમગ્ર રીતે કે અંશત: કોઈ દેવુ કે જવાબદારી અદા કરવા માટેનો હતો કે કેમ ?**

આ કામે આરોપી તથા ફરીયાદી એકબીજાને ઓળખતા ન હોવા સંબંધેનો કોઈ આરોપીનો બચાવ કે તકરાર નથી, જે ન્યાયીક નિર્ણય કરતી વખતે ધ્યાને લીધેલ છે.

આ કામે ફરીયાદ પક્ષ તેમની મૌખિક જુબાની એટલે કે સરતપાસનું સોગંદનામું **આંક–૨૪** થી લેખિતમાં રજુ રાખેલ હોય પરંતુ આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ તેઓએ તેમની સરતપાસમાં હકીકતો જણાવેલ છે જેથી ચર્ચાનું પુનરાવર્તન ટાળવા તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ નથી.

જયારે આરોપી પક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા સદર ફરીયાદી એ હકિકતો ખરી હોવાનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ યજમાન વ્રુતિનો ધંધો કરે છે અને માસિક રૂ.૫૦,૦૦૦/– કમાય છે તેઓના કુટુંબમાં સાત સભ્યો છે. તેઓ આ સિવાય બીજો કોઇ કામધંધો કરતા નથી. તેઓના મિત્ર મહંમદ યુનુસ ઉર્ફે મંજર મારફતે આરોપી સાથે ઓળખાણ થયેલે.મહંમદ યુનુસ ખુન કેસમાં જેલમાં છે તેઓએ નાણાંની માગણી કઇ તારીખે, કયા સમયે , કઇ જગ્યાએ કરેલી તે તેઓની નોટીસ, ફરીયાદ કે સરતપાસમાં જણાવેલ નથી. તેઓએ ટ્રસ્ટી હોવાનુ તથા નવીનાબેનનો વારસો મળેલ છે તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ આ ૬૦ લાખ રૂપિયા તેઓના માત્રુશ્રી રોકડા મુકી ગયેલા કે મિલકત મુકી ગયેલા તેનો ઉલ્લેખ ફરીયાદમાં નથી. આ કામે રજુ કરેલ સમજુતી કરારમાં સાક્ષીની

સહી, ફોટો તથા ઓળખ કાર્ડ નથી તેમજ સમજુતી કરારમાં રૂ. ૫૮ લાખ બતાવેલ છે.જ્યારે ફરીયાદમાં ૬૦ લાખ બતાવેલ છે. તેના તફાવતમાં જણાવેલ છે કે સમજુતી કરારમાં ટાઈપિંગ ભુલ છે. સમજુતી કરારમાં જણાવેલ કુલ ૧૬ ચેકોની રકમ ૬૪ લાખ રૂપિયા થાય છે. સમજુતી કરારમાં ચેકોની વિગત માં બે તારીખ જણાવેલ છે તેમાથી કઈ તારીખ સાચી છે તે તેઓને ખબર નથી. સમજુતી કરારમાં જણાવેલ ચેકની તારીખ તથા તકરારી ચેકની તારીખ અલગ છે. તેઓને આ ચાર કેસ સિવાય પણ બીજા ચેકના કેસો અન્ય કોર્ટમાં ચાલુ છે તેઓ નાણાં ધિરધારનું લાઈસન્સ ધરાવતા નથી. નાણા ધિરધારના લાઈસન્સ વગર વ્યાજનો ધંધો કરવો ગુનો છે. તેઓએ ભરૂચ ચીફ જ્યુડી.મેજી. કોર્ટમાં આ આરોપી વિરુધ્ધ મે જે કેસ કરેલા તે કેસોમાં આરોપીને નિર્દોશ છોડેલા છે. સને ૨૦૧૩–૧૪ના ઈન્કમટેક્ષ રીર્ટન રજુ કરી શકેલ નથી. કારણ કે ઈન્કમટેક્ષ કચેરીથી તેઓએ પ્રમાણિત નકલ આપેલ નથી અને નામ.કોર્ટ ના સમન્સથી તેઓ આપી શકે તેમ જણાવેલ છે જેથી ઈન્કમટેક્ષ રીર્ટન રજુ કરી શકેલ નથી. આ કામના આરોપી સામે તેઓએ બીજા નેગો. એક્ટની કલમ–૧૩૮ના કેસો ચીફ કોર્ટ ભરૂચમાં કરેલા તે કેસોમાં આરોપી નિર્દોષ છુટેલ છે તેની તેઓને જાણ છે તથા અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

ફરીયાદપક્ષ તરફે **આંક–૫૩** થી સાહેદ રમેશન કેપીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓની સરતપાસમાં જણાવે છે કે, તેઓ હાલમાં ઈન્કમટેક્ષ ઓફિસર તરીકે વોર્ડ– ૧(૧), ભરૂચ ખાતે છેલ્લા આ વોર્ડ બે વર્ષથી ફરજ બજાવુ છું. તેઓ તેમની સાથે જયકર ઠકોરલાલ મહેતા જેઓના પાન નંબર AMCPM2026L છે. ફરીયાદીનું આકરણી વર્ષ સને ૨૦૧૧–૧૨ નું ફાઈલ કરેલ ઈન્કમટેક્ષ રીટર્ન ની માહિતી જે તેઓના ઈન્કમટેક્ષ ઓફીસના કોમ્પ્યુટર સીસ્ટમમાંથી જનરેટ થયેલી માહિતી પાના નંબર ૧ થી ૧૪ પરની છે. તેમજ પાના નંબર–૧૫ પર સદરહુ ૧ થી ૧૪ પરથી તેઓએ તૈયાર કરેલ છે તેમજ પાના નંબર ૧૬ અને ૧૭ પર એવીડન્સ એકટની કલમ–૬૫ બી મુજબનો પત્રક પર તેઓની સહી અને હોદ્ધોના સિક્કાથી આપેલ છે. જે આંક–૫૪ થી લીસ્ટ સાથે પાના નં.૧ થી ૧૭ સંયુક્ત આંક આપવામાં આવેલ છે. તેઓ તેમની સાથે સદરહુ કરદાતાનું

આકારણી વર્ષ સને ૨૦૧૨–૧૩નુ ફાઇલ કરેલ ઇન્કમટેક્ષ રીટર્ન ની માહીતી જે તેઓની ઇન્કમટેક્ષ ઓફીસના કોમ્પ્યુટર સીસ્ટમમાંથી જનરેટ થયેલી માહીતી પાના નંબર ૧ થી ૧૫ પરની છે તેમજ પાના નંબર –૧૬ પર સદરહુ ૧ થી ૧૫ પરથી તેઓએ તૈયાર કરેલ છે તેમજ પાના ૧૭ અને ૧૮ પરથી એવીડન્સ એકટની કલમ–૬૫(બી) મુજબનો પત્રક પર તેઓની સહી અને હોદ્દાના સિક્કાથી આપેલ છે. જે આંક–૫૫ થી લીસ્ટ સાથે પાના નં.૧ થી ૧૮ સંયુક્ત આંક આપવામાં આવેલ છે. તેઓ તેમની સાથે સદરહુ કરદાતા નું આકારણી વર્ષ સને ૨૦૧૩–૧૪ નું ફાઇલ કરેલ ઇન્કમટેક્ષ રીટર્નની માહિતી જે તેઓની ઇન્કમટેક્ષ ઓફીસના કોમ્પ્યુટર સીસ્ટમમાંથી જનરેટ થયેલી માહીતી પાના નંબર ૧ થી ૧૪ પરની છે તેમજ પાના નંબર –૧૫ પર સદરહુ ૧ થી ૧૪ પરથી તેઓએ તૈયાર કરેલ છે તેમજ પાના ૧૬ અને ૧૭ પરથી એવીડન્સ એકટની કલમ–૬૫(બી) મુજબનો પત્રક પર તેઓની સહી અને હોદ્દાના સિક્કાથી આપેલ છે. જે આંક–૫૬ થી લીસ્ટ સાથે પાના નં.૧ થી ૧૭ સંયુક્ત આંક આપવામાં આવેલ છે.

આરોપીના વિ.વકીલશ્રી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નામ. કોર્ટ તરફે સમન્સની બજવણી થતા તેઓ હાજર થયેલા છે. સને ૨૦૧૧–૧૨ તથા ૨૦૧૨–૧૩ તથા ૨૦૧૩–૧૪ ના રજુ કરેલ ઇન્કમટેક્ષ માહિતીમાં ફરીયાદી અને આરોપીના ફરીયાદવાળા વ્યવહારની વિગતો રજુ થયેલ નથી. રજુ થયેલ માહીતી કોમ્પ્યુટર રાઇજ છે.

ફરીયાદપક્ષ તરફે **આંક–૭૧** થી સાહેદ મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ બોડાણાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓની સરતપાસમાં જણાવે છે કે,તેઓ હાલમાં નોટરી તથા વકીલાતનો વ્યવસાય કરે છે. તેઓ પાસે તા.૦૬/૦૩/૨૦૧૩ ના રોજ આ લેખ માહે ના લખીલેનાર ફરીયાદી તથા લખી આપનાર આરોપી તેઓની પાસે આવેલ અને સમજુતી કમ સમંતિ કરાર તેઓને બતાવીને કહેલ કે આ ડોક્યુમેન્ટ નોટરાઇઝ કરવાનુ છે જેથી તેઓએ સદરહુ ડોક્યુમેન્ટ બન્ને પક્ષકારોને વાંચવા આપેલ અને તે બાદ બન્ને પક્ષકારોએ સદરહુ ડોક્યુમેન્ટમાં તેઓની રૂબરૂ સહીઓ કરેલ તથા તેઓની નોટરી રજીસ્ટર માં રજીસ્ટર નં.૧૭૩૩/૧૩થી નોંધેલ છે

અને તે તેઓના નોટરી રજીસ્ટરમાં પણ બન્ને પક્ષકારોએ સહીઓ તથા અંગુઠાઓ કરેલ છે તે બાદ તેઓએ સદરહુ ડોક્યુમેન્ટ સિક્કાઓ તેઓની નોટરાઈઝ કરી તેઓની સહી તથા સિક્કાઓ કરેલ છે. સદરહુ ઓરીજનલ નોટરી રજીસ્ટર સને ૨૦૧૩ તેઓની સામે લાવેલ છે જેનો પાના નં.૫૬ પર સદરહુ એન્ટ્રી નં ૧૭૩૩/૧૩ થી આપેલ છે. જે પાનાની સહિ સિક્કાવાળી નકલ રજુ કરેલ છે. જેમા ફરીયાદ પક્ષે આંક પાડવાની રજુઆત કરેલ છે જયારે સામાપક્ષે વાંધો છે જે નકલ ને અસલ રજીસ્ટર પરની સાહેદના સહી સિક્કાવાળી જણાતા તથા સાહેદ અસલ રજીસ્ટર સાથે લાવેલ હોય અને ઉલટતપાસમા સામાપક્ષે અસલ રજીસ્ટર અને તે પરની હાલની નકલ અંગે બચાવની તક રહેલ હોય જેથી સદરહુ નકલ ને રજુ આંક ૭૨ આપવામાં આવે છે.

આરોપીના વિ.વકીલશ્રી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નોટરી એક્ટ મુજબ કોઈ પણ વ્યકિત નોંધણી માટે આવે ત્યારે તેની ઓળખ અંગે આધાર પુરાવાની નકલ લેતા હોયએ છિએ. રેકર્ડમાં આંક-૨૯ પરનો સંમતિ કરાર જોઈને કહે છે કે તેમા લખી લેનાર ફરીયાદીની ઓળખ અંગેનો પુરાવો રજુ રાખેલ નથી.

સવાલ:-આ આંક-૨૯ થી રજુ કરાર જોઈને જેમા લખી લેનાર વ્યક્તિ અંગેનો ઓળખ પુરાવો ન હોવાથી તમો કહી શકો નહી કે તે એ જ વ્યક્તિ છે?

જવાબ:- જે તે વખતે બન્ને પક્ષકારોના આધાર પુરાવા લીધેલ હોય પરતુ હાલમાં મળી આવેલ નથી. કે સમજુતી કરારમાં સાક્ષીની સહી તથા બન્ને પક્ષકારોના ફોટા લગાવેલ નથી. એ વાત ખરી નથી કે સદરહુ આરોપી પાસે મોટી રકમ વસુલ કરવા માટે ફરીયાદીએ આંક-૨૯ વાળુ ડોક્યુમેન્ત પાછળ થી ઉભુ કરેલ છે.

(૧૦) આમ, રેકર્ડ પરના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતા ફરીયાદી પોતાની ફરીયાદમાં ૬૦,૦૦,૦૦૦/- ઉછીના આપેલ હોવાનુ જણાવેલ છે પરંતુ ફરીયાદી પાસે ૬૦,૦૦,૦૦૦/- લાખ જેટલી મોટી રકમ ક્યાંથી આવેલ તેનો કોઈ પુરાવો કે પોતાની આવકનો કોઈ સ્ત્રોત રેકર્ડ પર દર્શાવેલ નથી. વળી, ફરીયાદી પાસે રૂ.૬૦,૦૦,૦૦૦/- આરોપીને હાથ

ઉછિના આપતા પહેલા તેઓની પાસે હતા તેનો કોઇ પુરાવો નથી.વધુમાં ફરીયાદી પોતાની ફરીયાદમાં ૬૦,૦૦,૦૦૦/–લાખ ઉછીના આપેલ હોવાનું જણાવેલ છે પરંતુ ફરીયાદીએ આંક–૨૮ થી રજુ રાખેલ સમજુતી કરારમાં ૫૮,૦૦,૦૦૦/– ચુકવવાના બાકી પડે છે તેવી હકીકત દર્શાવેલ છે. વધુમાં આંક–૨૮ થી રજુ રાખેલ સમજુતી કરાર જોતા તેમા સાક્ષીઓની સહી, ફોટો તથા ઓળખકાર્ડ રજુ કરેલ નથી. જેથી સમજુતી કરાર પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે. જેથી આ કામે ફરીયાદી દ્વારા કરવામાં આવેલ ફરીયાદમાં શંકા ઉદ્દ્ભવે છે.

વધુમાં નામદાર વડી અદાલતનો **ચુકાદો દત્તાત્રેય વિ. શરણપ્પા, ૭ મી ઓગષ્ટ સને–૨૦૨૪ ક્રિમીનલ અપીલ નંબર : ૩૨૫૭/૨૦૨૪ નો ચુકાદો માનસહ વંચાણે લેવામાં આવેલ છે જેમા સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,**

The Supreme Court's judgement reinforces that merely holding a signed cheque does not automatically constitute a legally enforceable debt. The complainant must provide clear and consistent evidence to substantiate their claims. The Court's emphasis on the Appellant's failure to declare the loan in his Income tax returns highlights the judiciary's approach to scrutinising the credibility of financial transactions.

By upholding the rebuttable presumption and clarifying the burden of proof, the court has reinforced the need for complainants to present comprehensive and consistent evidence in cases of cheque dishonor. This judgment not only strengthens the procedural safeguards for both parties involved but also ensures that the enforcement of financial obligations via cheques remains balanced and just. Legal practitioners and stakeholders in commercial transactions must hend these clarifications to navigate the complexities of NI Act prosecutions effectively.

By upholding the concurrent findings of the lower court and High Court, the Supreme Court demonstrated judicial restraint, enphanising the pànciple of non-interference. This judgment reaffirms the Supreme Court's role as a guardian of faimess and ensures that legal processes are not merely procedural but rooted in substantive justice. It highlights the importance of a comprehensive and well-documented approach in legal disputes, encouraging parties to maintain rigorous standards of evidence. This judgement also subtly underscores the idea that, while powerful, legal presumptions are not immune to challenge.

**In the matter between M/s Prajapati Oil Industries through owner Rameshbhai V/s State of Gujarat, reported in 2004(1) GLH Page No.365, Hon'ble Gujarat High Court has held that,** as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced on record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

In the matter between **Mangubhai Mansukhram Pandya V/s Pranjivan Tribovandas Purohit, reported in 1991(2) GLH Page No. 65, Hon'ble Gujarat High Court has held that,** Section118 of the N. I. Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.

- Onus of proof that there was no consideration is on the defendant.

Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

**(૧૧)** આમ, સમગ્ર હકિકત જોવામાં આવે તો, હાલનાં કામે ચેક રીટર્ન થયેલ છે અને ફરીયાદીએ નેગો. ઈન્સ્ટ્રુ.એકટની જોગવાઈઓ અન્વયેની કાર્યવાહી કર્યા બાદ હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાનું જણાઈ આવે છે, પરંતુ ફરીયાદીએ કરેલ ફરીયાદમાં શંકા ઉદ્દભવતી હોય અને ફરીયાદપક્ષ પોતાનું કાયદેસરનું લેણું સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેથી તેનો લાભ આરોપીને મળવો જોઈએ તેવું મારુ માનવું થાય છે.

આમ, ઉપરોકત રજુ ફરીયાદ, પુરાવાઓ, દલીલો તથા મુલ્યાંકન વિગેરેને ધ્યાને લઈ મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>-:: આખરી હુકમ ::-</u>

(૧) આ કામના આરોપી જલાઉદ્દિન હુસૈન સૈયદને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫ અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલા-૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ૬(છ) માસ માટે આપવા.

ઉપરોકત હુકમ આજરોજ તા.૨૯ મી, માહે: એપ્રિલ, સને: ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી. મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૯/૦૪/૨૦૨૬ (અનિલકુમાર શામજીભાઈ ગોહેલ)
સ્થળ: ભરૂચ એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ભરૂચ
Code No.GJ-01154